

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મોદીના નવ વર્ષના સુશાસનથી જન સંપર્ક જન સમર્થન અભિયાન અંતર્ગત તલોદ શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા આંગણવાડી મિલન અભિયાન કાર્યક્રમ હેઠળ પોષણ અભિયાન જિલ્લા ભાજપ મહિલા મોરચાના મહામંત્રી અને તલોદના પ્રભારી કાજલ બેન દોશી અને જિલ્લા પંચાયત મહિલા અને બાળવિકાસ શાખાના ચેરમેન રેખા બા ઝાલાની ઉપસ્થિતી માં યોજવામાં આવ્યુ હતુ જેમાં બાળકોના વાલીઓને મળી બાળકોને મળતા મિલેટ્સ વિષે માહીતી આપી સગર્ભા બહેનોને પણ સૂપોશિત આહાર વિશે ચર્ચા કરવામાં આવી તેમજ સગર્ભા બહેનોના અભિપ્રાય લીધા હતા અને મહિલાઓને મળતી વિવિધ યોજનાઓની માહીતી આપવામા આવી હતી. આ પ્રસંગે તલોદ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ રચના ગાંધી, કાર્યક્રમ ઈન્ચાર્જ વસુમતીબેન શાહ સહ ઈન્ચાર્જ દીપા બેન, સહિત તલોદ શહેરની મહિલાઓ આંગણવાડી કાર્યકર બહેનો અને લાભાર્થી વાલીઓ જોડાયા હતા.

# ગણપત યુનિવર્સિટીમાં ૧૦૦ કરોડ જેવું માતબર પ્રદાન કરનાર ગણપતભાઈ પટેલનું સન્માન

**ઊંઝાના ધારાસભ્ય કે.કે. પટેલ સહિત જિલ્લાના અનેક મહાનુભાવ અગ્રણીઓની મહત્ત્વની ઉપસ્થિતિ**



ગણપત વિદ્યાનગર, તા. ૬

ગણપત યુનિવર્સિટીના પેટ્રન ઈન ચિફ અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલનું તેમના વતન અને જન્મ સ્થઆન એવા ભૂણાવ ગામના લોકોએ તાજેતરમાં એમનું ભારે ભાવપૂર્વક અને આદર સાથે સન્માન કર્યું હતું.

પોતાની માતૃભૂમિ એવી ઉત્તર ગુજરાતની અનર્ત ભૂમિના પનોતા સપૂત અને ગપણત યુનિવર્સિટીના ઉત્કર્ષમાં જેમનો રૂપિયા ૧૦૦ કરોડ જેવા મહત્ત્વનો આર્થિક ફાળો છે એવા ગણપતભાઈ પટેલે પોતાના વતનની ભૂમિનું ઋણ ચૂકવવા જે બહુમૂલ્ય પ્રદાન કર્યું છે તેને ધ્યાનમાં રાખીને ભૂણાવના આગેવાન ગ્રામજનોએ ભેગા મળીને એમનું ભારે પ્રેમાદર અને દબદબાભેર સન્માન કર્યું હતું જે ગામના ઉપસરપંચ ભરતભાઈ પટેલે પૂ. ગણપતદાદા વતી સ્વીકાર્યું હતું. અલબત્ત, આ અવસરે ગણપતભાઈ ઉપસ્થિત રહ્યા હતા તો અહીં સ્થાનિક કક્ષો ઊંઝાના ભાજપના ધારાસભ્ય કિરીટભાઈ કે પટેલ, મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકના વાઈસ ચેરમેન કેશુભાઈ એમ. પટેલ, ભાજપના જિલ્લા પ્રમુખ હરિભાઈ પટેલ ગણપત યુનિના જોઈનટ ડી.જી. ડેનિયલ મોન્ટેલેઈઝર, મહેસાણા ભાજપના મહામંત્રી અશ્વિનભાઈ પટેલ સહિત અનેકાએક મહાનુભાવ અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

તાજેતરમાં જેના પરિણામો જાહેર થયાં છે તેવા ધોરણ-૧૦ના વિદ્યાર્થી પ્રાંશુ પરેશભાઈ પટેલ (૯૦.૧૬ ટકા) અને ધોરણ.૧૨ની વિદ્યાર્થીની કુ. મેઘા દિપકભાઈ પટેલ (કોમર્સ - ૯૦%)નું પણ ભૂણાવ ગામનું ગૌરવ વધારવા બદલ ધારાસભ્યના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

**દર વર્ષે આકાશી આફત વધી**

# સાબરકાંઠા જિલ્લામાં ૨ વર્ષમાં વીજળી પડતાં ૫ વ્યક્તિ, ૩૫ પશુનાં મોત

**રૂા. ૨૯.૨૯ લાખની સહાય ચૂકવાઈ, વીજળી પડવાના બનાવો સતત વધ્યા, આ વર્ષે સાવચેત રહેવું જરુરી**

બાયડ તા.૬

રાજ્યમાં ચોમાસાના વિધિવત આગમનની રાહ જોવાઈ રહી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પણ વાવણીલાયક વરસાદ ક્યારે વરસે તેની ધરતીપુત્રો રાહ જોઈને બેઠા છે પરંતુ દર વર્ષે વીજળીના રુપમાં જિલ્લામાં આકાશી આફતમાં વધારો થયો છે જે ચિંતાનું કારણ છે. ક્લાઈમેટ ચેન્જ સાથે તેને કોઈ નિસ્બત છે કે કેમ ?? તેનું કોઈ સંશોધન નથી પરંતુ પાછલા ૨ વર્ષ દરમ્યાન જિલ્લામાં વીજળી પડતાં, પવનમાં ઝાડ પડવાથી, મકાન નીચે દટાઈ જવાથી ૫ વ્યક્તિ અને ૩૫ પશુઓના મોત નિપજ્યા છે અને સરકાર દ્વારા વીજળી પડવાના કેસમાં મૃત્યુ થતાં રુ ૨૯,૨૯,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી છે. તલોદ તાલુકાના ખારાનામુવાડામાં મૃત્યુના કેસમાં પોસ્ટમોર્ટમ કરાવ્યું ન હોવાથી સહાય નામંજૂર કરવામાં આવી હતી.



ગત રવિવારે પ્રજાએ કુદરતનું તાંડવ સવાર સવારમાં નિહાળ્યું. સાબરકાંઠા જિલ્લા સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં વાવાઝોડા અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસ્યો પરંતુ વીજળીના કડાકાનો જે આતંક હતો તે પ્રજા લાંબા સમય સુધી ભૂલી શકશે નહીં અનેક લોકો ડરામણા વીજળીના કડાકા સાંભળી હજુ પણ ભયભીત છે. ગત રોજ વીજળી પડતાં સાબરકાંઠામાં ૨ પશુનાં મોત નિપજ્યાં હતાં અને ગત મહિને વીજળી પડવાથી ૭ પશુના મોત નિપજ્યા છે. આકાશમાંથી આફતના રુપમાં વીજળી ત્રાટકવાના બનાવો આ વર્ષે સતત વધી રહ્યા છે. અગાઉના વર્ષોમાં નજર કરીએ તો તેનું પ્રમાણ ઓછું હતું પરંતુ પાછલા ૨ વર્ષ દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના સહિતના વિસ્તારોમાં વીજળી ત્રાટકવાથી પશુ અને માનવ મૃત્યુ દરમાં ઉછાળો આવ્યો છે. કદાચ કોઈ મારી નાખે તો પોલીસ કેસ પણ થાય પરંતુ કુદરતના રુપમાં આકાશમાંથી વીજળી ત્રાટકે અને કોઈનું મોત નિપજે તો ફરિયાદ પણ કોને કરવી ?? અને વર્ષો વર્ષ આવી દુર્ઘટના અનેક પરિવારો માટે ઘેરો શોક લઈને આવતી હોય છે.

**હિંમતનગર, પોશીના, ખેડબ્રહ્મામાં આકાશી આફતનો કાળો કેર**

જિલ્લામાં પાછલા ૨ વર્ષ દરમ્યાન ૫ વ્યક્તિ અને ૩૫ પશુઓના મોત નિપજ્યા છે. જેમાં મોટાભાગે વીજળી પડતાં મોતનું પ્રમાણ વધુ છે અનેક કિસ્સામાં ઝાડ અથવા મકાન ધરાશાયી થતાં દટાઈ જવાથી મોત નિપજ્યા છે. પરંતુ આશ્ચર્ય વચ્ચે હિંમતનગર, પોશીના અને ખેડબ્રહ્મા તાલુકામાં વીજળી પડવાના કારણે સૌથી વધુ મોત નોંધાયા છે જે વૈજ્ઞાનિકો માટે પણ શોધનો વિષય છે.

**૦૨૯ લાખ સહાય ચૂકવાઈ**

| માનવ મૃત્યુ | પશુ મૃત્યુ |
|---|---|
| ૧ લાખ | ૧૩,૨૯,૦૦૦ |

**કયા ગામમાં પશુનાં મોત**

તાજપુરકેમ્પ, ખોડમ, બોરડી, ફતેપુર, દેરોલ, અણિયોડ, વજાપુર(હાથરોલ), રાજેન્દ્રનગર, કેસરપુરા, લાખીયા, પ્રાંતિજ, લક્ષ્મીપુરા, કેસરપુરા, સુલેઈ, પઢારા, ચિત્રોડા, નવાનાણાં, રતનપુર, દોતડ, ગણવા, ભૂખ્યા ડેરા, છાદરડા, કોટડા, સાયબાપુર.

**માનવ મૃત્યુ**

નવલપુર (તાજપુર), નાદરી, દેમતી, ખારાનામુવાડા.

# ધાનેરા પંથકમાં લીલા વૃક્ષોનું ખુલ્લેઆમ નિકંદન કરતા તત્વો સામે કાર્યવાહી ક્યારે?

ધાનેરા તા.૬

ધાનેરા મામલતદાર શું આ બાબતે યોગ્ય કાર્યવાહી કરશે?સરકાર પર્યાવરણ પાછળ કરોડો રૂપિયા ખર્ચ કરે છે, ત્યાં બીજી બાજુ ખુલ્લેઆમ થઈ રહ્યુ છે લીલા લાકડાનું નિકંદન કોઈ જોનાર કે પૂછનાર નથી.આજે પાંચમી જૂને વિશ્વ પર્યાવરણ દિન ની ઉજવણી કરવામાં આવીરહી છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે ,અધિકારી ઓ વૃક્ષ વાવી ફોટા પડાવવામાં જ રસ રાખે તે હિતાવહ નથી. વૃક્ષ કપાઈ રયા છે અને દરરોજ રાત્રી ના સમયે લાકડા સોં મિલો માં ઠલવાઈ રયા છે તો શુ તેમની તપાસ કરવાની જવાબદારી નથી? તો બાબતે લગતા વળગતા અધિકારીઓ બિન કાયદેસર વૃક્ષોનું નિકંદન થતું અટકાવે અને રાત્રી પેટ્રોલિગ કરી યોગ્ય કાર્યવાહી કરે તેજ સાચુ પર્યાવરણ દિન ગણાય કેમ સમગ્ર પંથકના પર્યાવરણ પ્રેમીઓ ઈચ્છી રહ્યા છે. ધાનેરા તાલુકામાં સો મીલના માલિકો કોઈપણ પ્રકારની પરિમશન લીધા વગર લીલા લાકડાનું નિકંદન કાઢી રહ્યા છે અને સો મીલ માલિકો સામે કાર્યવાહી કરવામાં અધિકારીઓ આંખ કાન કરતાં હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે ત્યારે સરકારના નીતિ મુજબ ૮૬ પ્રકારના વૃક્ષો કાપવાની સરકારની મંજૂરી હોય છે પરંતુ તેમાં પણ નડતરરૂપ વૃક્ષ કાપવા માટે સ્થાનિક ગ્રામ પંચાયતની મંજૂરી હોવી જોઈએ અને ગ્રામ પંચાયતની મંજૂરી ન હોય તો મામલતદાર ની મંજૂરી હોવી જોઈએ અને મંજૂરી વગર જો વૃક્ષનું નિકંદન કરવામાં આવે તો તેમની સામે કાયદાકીય પગલાં ભરવા જોઈએ પરંતુ ધાનેરા ના સો મીલના માલિકો કોઈ પણ ગ્રામ પંચાયત અથવા મામલતદારની મંજૂરી લીધા વગર લીલા વૃક્ષનું નિકંદન કરી રહ્યા છે વૃક્ષોને વ્યાપક નુકસાન પહોંચાડી રહ્યા છે. પરંતુ આ સમગ્ર મામલે ધાનેરા મામલતદાર અને વન વિભાગના અધિકારીઓ આંખ આડા કરે છે તેવું લોકમુકે ચર્ચાઈ રહ્યું છે લીલા લાકડા ભરેલ જે ટ્રેક્ટરો પસાર થાય છે આ ટ્રેક્ટરનો નંબર પ્લેટ વગરના હોવાનું સામે આવ્યું છે ત્યારે આ જાહેર માર્ગ ઉપર બેફામ ટ્રેક્ટર ચલાવતા ચાલક કોઈ અન્ય વાહન ચાલકને અકસ્માત કરે અથવા એક્સિડન્ટ થાય તો જવાબદાર કોણ ? કેમ આરટીઓ અધિકારી દ્વારા આ નંબર પ્લેટ વગરના ટ્રેક્ટરો સામે કેમ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી



? શું આરટીઓ અધિકારી અને જિલ્લા ટ્રાફિક અધિકારી નંબર પ્લેટ વગરના ટ્રેક્ટરના કારણે કોઈ અન્ય વાહનને નુકસાન થાય તેની રાહ જોઈને બેઠા છે તેવી અનેક ચર્ચાઓ લોકો મુખ્ય થઈ રહી છે.

**ભરતી કૌભાંડના આરોપીઓએ વટાણા વેરતાં વધુ ૨ ધરપકડ**

# જિલ્લામાં વિદ્યુત સહાયક ભરતી કૌભાંડમાં ૨ની ધરપકડ

**નિવૃત્ત ઈજનેરની ધરપકડથી અનેકના પગતળે રેલો આવશે**

બાયડ, તા.૦૬

વિદ્યુત સહાયક ભરતી કૌભાંડમાં સાબરકાંઠા જિલ્લાના ગુલાબપુરા અને ધનસુરા તાલુકાના રહીયોલમાંથી કુલ-૨ જણની સુરત ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરતાં તપાસ દરમ્યાન અનેકના નામ બહાર આવી શકે છે. અગાઉ ભરતી કૌભાંડમાં ઝડપાયેલા આરોપીઓના રીમાન્ડ દરમ્યાન સ્ફોટક વિગતો મળી આવતાં ધરપકડ થયાનું જાણવા મળ્યું છે.

મળતી જાણકારી અનુસાર સરકારી વિજ કંપનીઓમાં ૨૧૦૦થી વધુ વિદ્યુત સહાયકોની ભરતીમાં ખોટું થયાની વિગતો સુરત ક્રાઈમ બ્રાન્ચના ધ્યાન પર આવ્યા પછી તપાસનો દોર ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં ચાલી રહ્યો છે. ઉત્તર ગુજરાતના ૨૦૦થી વધુ ઉમેદવારોએ રુ ૮ થી ૧૫ લાખ ખર્ચીને ખોટી રીતે નોકરી મેળવ્યાનું મુખ્ય આરોપીની તપાસ દરમ્યાન જણાઈ આવ્યા પછી જણાવેલા નામ પ્રમાણે તપાસનો દોર શરુ થયો છે. ધનસુરા તાલુકાના રહીયોલના સરકારી વિભાગમાંથી નિવૃત્ત થયેલ ઈજનેર ઈશ્વરભાઈ બી. પ્રજાપતિની સુરત ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી ઉંડાણપૂર્વકની પૂછપરછ શરુ કરી છે. જ્યારે ઈડર તાલુકાના ગુલાબપુરાના નટવરભાઈ શંકરભાઈ પટેલની પણ સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરી રીમાન્ડ માટેની તજવીજ હાથ ધરી છે. તેમની પ્રાથમિક પૂછતાછમાં આરોપીઓએ નિશિકાંત સિંહા અને ઈન્દ્રવદન પરમાર કે જેને અગાઉથી સાબરકાંઠાના કેટલાક કનેક્શનો હોવાનું જણાઈ આવ્યું હતું તેમને ઉમેદવાર દીઠ રુ ૧૦ લાખ સુધી આપીને ખોટી રીતે નોકરીઓ અપાવ્યાનું પ્રાથમિક પૂછતાછમાં જણાઈ આવ્યું છે.

**દેવું વધી જતાં આત્મહત્યા કરવા નિકળેલા યુવાનની દર્દનાક કહાની**

# બાયડ પોલીસે આત્મહત્યા કરવા નિકળેલા યુવાનને શોધી જીંદગી બચાવી

**૨ દિવસની પોલીસની મહેનત ફળી, ૨ દિકરીઓ ઉપર માતા-પિતાનું છત્ર યથાવત**

બાયડ, તા.૦૬

હા, નામ છે એસ. કે. દેસાઈ, બાયડ પોલીસ સ્ટેશનના તરવરીયા પી.એસ.આઈ. તેમને બાયડમાં ધંધામાં ખોટ જવાથી અમદાવાદ આત્મહત્યા કરવા પહોંચેલા યુવાનને શોધી કાઢી જીંદગી બચાવી સાથે ૨ દિકરીઓ ઉપર માતા-પિતાનું છત્ર યથાવત રાખવાનું પુણ્ય બાયડ પોલીસને જિલ્લા પોલીસ વડાની પ્રેરણાથી પ્રાપ્ત થયું છે. હિંમતવાન પી.એસ.આઈ. જીંદગીના તમામ મોરચે પથ્થર સામે બાથ ભીડીને ડગમગ્યા નથી પરંતુ આત્મહત્યા કરવા નિકળેલા પિતાને બાઝીને તેની ૨ દિકરીઓ અમદાવાદમાં જે રીતે રડતી હતી તે જોઈને પી.એસ.આઈ. ડૂસ્કાં રોકી શક્યા ન હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર વ્યાલંકવાદીઓના ત્રાસથી અનેક પરિવારો બરબાદ થયા છે. કેટલાકે જીંદગીનો અંત લાવી દીધો છે. બાયડના સામાન્ય પરિવારના યુવાને ધંધામાં ઝંપલાવ્યું, ઠીક ઠીક કમાયો, લગ્ન થયું અને ૨ દિકરીઓનો બાપ બન્યો પરંતુ સમય ક્યારે કરવટ બદલે તે નક્કી હોતું નથી, એકાએક દેવાના ભાર નીચે આવી ગયો અને જીંદગીનો અંત લાવી દેવાનું નક્કી કર્યાં, ઘરેથી પિતાને આત્મહત્યા કરવા જાઉં છું તેમ કહીને ગત તા.૧૫ના રોજ રવાના થઈ ગયો. દિકરો ગુમ થતાં પિતાએ જિલ્લા પોલીસની હેલ્પલાઈનથી અવગત હોવાથી બાયડ પોલીસ સ્ટેશનમાં સંપર્ક કર્યો અને ત્યાર પછી આત્મહત્યા કરવા નિકળેલા યુવાનને બચાવી લેવાનું બાયડ પી.એસ.આઈ.ની નિગરાની હેઠળ અભિયાન શરુ થયું. આત્મહત્યા કરવાનું કહેનાર યુવાનનું છેલ્લું લોકેશન અમદાવાદનું નિકળ્યું જેથી પોલીસે આધુનિક સીસ્ટમના સહારે વારંવાર જગ્યા બદલતા યુવકના લોકેશનને ટ્રેસ કરતી રહી. બીજા દિવસે તેની પત્નિને ફોન કરીને કહ્યું કે હું હવે આત્મહત્યા કરવા જાઉં છું તું બંન્ને દિકરીઓને સાથે લઈને આવ હું તેમને મન ભરીને જોઈ લઉં. અમદાવાદ ગયા પછી ગમે તે બનવાનો સંભવ હતો બાયડના ચકોર પી.એસ.આઈ.એ યુવાનની પત્નિ અને તેની બે દિકરીઓને એસ.ટી. બસમાં બેસાડી સાથે સાદા ડ્રેસમાં મહિલા પોલીસ કર્મીને બેસાડી દીધા. રસ્તામાં વારંવાર યુવાનના વિડીયોકોલ આવ્યા અને તેની પત્નિ અને દિકરીઓ સાથે ઘરનો કોઈ સભ્ય નથી ને તેની ચકાસણી કરી. એસ.ટી. બસ અમદાવાદ પહોંચી ત્યારે યુવાને કાલુપુર નહીં પરંતુ ગીતા મંદિર આવવાનું કહ્યું. જેથી પોલીસ ફરી ચિંતિત બની. એસ.ટી. બસની પાછળ બાયડ પી.એસ.આઈ. અને તેમનો સ્ટાફ સતત પીછો કરી રહ્યા હતા. થોડીવાર પછી ફરી વિડીયોકોલ આવ્યો અને ગીતા મંદિર ઉતરવાનું કહેતાં પોલીસ મૂંઝાઈ જોગાનુંજોગ કાલુપુર રેલવે સ્ટેશન પાસે સિગ્નલ પડી જતાં એસ.ટી. બસ આગળ નિકળી ગઈ અને બાયડ પોલીસ પાછળ રહી ગઈ ત્યાં જ રસ્તામાં યુવાને ફોન કરીને પત્નિને ઉતરી જવાનું જણાવ્યું આ સમયે સાદા ડ્રેસમાં રહેલી મહિલા પોલીસ કર્મીએ બાયડ પોલીસને સતર્ક કરી દીધી. ટ્રાફીકમાં ફસાયેલા બાયડ પી.એસ.આઈ.એ પિક્ચરમાં દેખાતા દ્રશ્યોની જેમ ટ્રાફીક સિગ્નલ ખૂલે તેની રાહ જોયા વગર રીતસરની દોટ લગાવી અને પત્નિ અને બંન્ને દિકરીઓ તેના પતિને બાઝીને રડતી હતી તે સમયે જ ત્યાં પહોંચી. યોગ્ય સમજાવટની સાથે મનોચિકિત્સકની સારવાર માટે લઈ ગયા. આમ બાયડ પોલીસની સરાહનીય કામગીરીથી દેવામાં ફસાયેલા બાયડના યુવાન વેપારીને આત્મહત્યા કરતાં અટકાવવાની સાથે ૨ દિકરીઓ ઉપર બાપનું છત્ર જીવંત રાખવાનું શ્રેય આપવું રહ્યું. ગીતા મંદિર નજીક પતિ તેમજ તેની પત્નિ અને ૨ બાળકીઓનું જે મિલન હતું તે જોઈને ભલભલાની આંખોમાં પાણી આવી ગયાં હતાં જો કે સાચી પીડા માત્ર બાયડ પોલીસ જાણતી હતી અન્ય રાહદારીઓ તો કંઈક અલગ સમજતા હતા.

**પ્રાંતિજ અવરઓન હાઇસ્કુલનું ગૌરવ**

# ભવ્ય સંજયકુમાર પટેલ ક્વિઝ સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યુ




પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન હાઈસ્કુલ તથા પટેલ સમાજનુ ગૌરવ રાજ્ય સરકર દ્વારા રમાતી કવીજ સ્પર્ધા માં પ્રથમ અવરઓન હાઈસ્કુલ મા ધોરણ-૧૦ મા અભ્યાસ ભવ્ય સંજયકુમાર પટેલે ભાગલીધો હતો જેમા જિલ્લામા પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો તો ભવ્ય પટેલ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો અને તેનુ સિલેક્શન થયુ હતુ તો ભવ્ય પટેલ પ્રથમ રાઉન્ડ માં ૧૦૦૦ વિધાર્થીઓ માંથી માત્ર ૫૦ લેવાના હોય તેમા પણ તેનુ સિલેક્શન થયુ હતુ અને ત્યાર બાદ માત્ર ૫૦ માંથી આઠ બાળકો નુ સિલેક્શન કરવાનુ હોય તથા ત્યા સુધી ભવ્ય પટેલ પોહચ્યો હત્ ત્યારે ભવ્ય પટેલ જિલ્લામા તથા નેશનલ મા ઈનામ પ્રાપ્ત કર્યુ હતુ જેમા સ્કુલ દ્વારા તેનુ સ્વાગત અને સન્માન કરવામા આવ્યુ હતુ અને મળેલ ઈનામો તથા સર્ટીફિકેટ આપી પ્રોત્સાહિત કર્યો હતો તો ભવ્ય પટેલ દ્વારા બીજુ ઈનામ રોબર્ટ કીટ સાયન્સ ના વિધાર્થીઓ માટે સ્કુલ માં અન્ય બાળકો વિધાર્થીઓને શીખવા માટે સ્કુલ મા આપવામા આવ્યુ હતુ તો ભવ્ય પટેલ દ્વારા પ્રાંતિજ સહિત તાલુકો જિલ્લા સહિત સ્કુલ નુ નામ તથા સમાજ નુ માતા-પિતા નુ નામ રોશન કર્યુ છે.



સાબરકાંઠાના તલોદ ખાતે ધી તલોદ તાલુકા પ્રાથમિક શિક્ષક સહકારી શરાફી મંડળીમાં વર્ષ ૨૦૨૩/૨૦૨૪ ના ચેરમેન અને વાઈસ ચેરમેનની વરની કરવામાં આવી.તલોદ પ્રાથમિક શિક્ષક સહકારી શરાફી મંડળી માં ચેરમેન તરીકે પટેલ દિનેશભાઈ ડાહ્યાભાઈ તથા વાઈસ ચેરમેન તરીકે પરમાર પ્રવિણસિંહ કેસરીસિંહની બિનહરીફ વરણી કરવામાં આવી. સ્ટાફ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

**રવિવારે ટ્રેલર હતું, પિક્ચર અભી બાકી હૈ..**

# અરબી સમુદ્રમાં લો પ્રેશર સર્જાયું સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પવન સાથે વાવાઝોડું ફૂંકાવવાની ચેતવણી

**મકાનોના નુક્સાનની સહાય ચૂકવાઈ નથી ત્યાં તંત્ર ઉપર બીજી આફતના એંધાણ**

બાયડ, તા.૬

રવિવારે ડરામણા વિજ કડાકા સાથે વાવાઝોડા સાથેનો વરસાદ વરસતાં પ્રજા ભયભીત બની હતી. ત્યારે આગાહી પ્રમાણે આ તો ટ્રેલર હતું પિક્ચર અભી બાકી હૈ..જેવી સ્થિતિ છે. અરબી સમુદ્રમાં લો પ્રેશર સર્જાવવા જઈ રહ્યું છે જેથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આગામી ૨ દિવસમાં પવન સાથે વાવાઝોડું ફૂંકાવવાની ચેતવણી આપવામાં આવી છે. ગત મહિને જિલ્લામાં સતત બે દિવસથી ત્રાટકેલા વાવાઝોડાથી ૪૫૮ મકાનોને નુક્સાન પહોંચ્યા પછી સહાય ચૂકવાઈ નથી ત્યાં તંત્ર ઉપર બીજી આફતના એંધાણ દેખાઈ રહ્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર અરબી સમુદ્રમાં સોમવારથી લો પ્રેશર આકાર લઈ રહ્યું છે. ત્યારે બંગાળની ખાડીમાં નૈઋત્યનું ચોમાસુ જમાવટ કરવાની સાથે તેની અસરો દૂર દૂર સુધી જોવા મળી રહી છે. જેથી બંગાળની ખાડીનો કરંટ અરબી સમુદ્ર સુધી જોવા મળી રહ્યો છે. જેથી ગુજરાત સહિત સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સાયક્લોનિક સરક્યુલેશન અને ત્યારબાદ લો પ્રેશરની સંભાવના વધી છે જેથી કેટલાક વિસ્તારોમાં ૪૦ થી ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવવાની વકી છે. ગત મહિને જિલ્લામાં ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાયો છતાં ઈડર, વડાલી, વિજયનગર, હિંમતનગર તાલુકામાં વાવાઝોડાએ તબાહી મચાવી હતી તે જોતાં ફરી ફૂંકાનારુ વાવાઝોડું હજુ કેટલાં મકાનોને તહસ નહસ કરશે તેને લઈને પણ સ્થાનિક લોકો અને તંત્ર ચિંતિત હોવાનું જાણવા મળ્યું છે.